પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૮ | ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩, ગુરૂવાર; બીજો શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશ માટે આગામી પાંચ વર્ષ સ્વર્ણિમ : નરેન્દ્ર મોદી

**૧૦મી વખત રાષ્ટ્રને સંબોધન કરતાં દેશના લોકોને 'મેરે પરિવારજનો' તરીકે સંબોધ્યા : પીએમ મોદીને ૨૧ તોપની સલામી આપવામાં આવી : ૧૦ વર્ષનો હિસાબ આપ્યો, ૨૦૨૪માં લાલકિલ્લા પરથી તિરંગો ફરકાવીશ : નરેન્દ્ર મોદીનો જનતા પ્રત્યે આત્મવિશ્વાસ : ૨૫ હજાર જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવશે : શહેરમાં ભાડાના મકાનમાં રહેતા લોકોને બેંક લોનમાં રાહત : ભારત હારતું નથી, હાંફતું નથી, આ આત્મવિશ્વાસથી ભરેલું ભારત છે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા.૧૬

સ્વતંત્રતા દિવસના રંગમાં હાલમાં સમગ્ર દેશ રંગાઈ ચુક્યો છે. આ ખાસ અવસર પર પીએમ મોદી દિલ્હીના લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ આ ૧૦મી વખત લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીના સંબોધન પર સૌ કોઈની નજર છે. લાલ કિલ્લા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીને ૨૧ તોપની સલામી આપવામાં આવી છે. આપને જણાવી દઈએ કે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી પીએમ મોદીએ ૧૦ મી વખત તિરંગો ફરકાવ્યો છે. ૭૭મા સ્વતંત્રતા





દિવસ પર પીએમ મોદીએ લાલ કિલ્લા પર ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. પીએમ મોદીએ કહ્યું કે, દુનિયા હાલમાં પણ કોરોનાથી બહાર આવી નથી. યુદ્ધ એક તરફ સંકટને જન્મ આપ્યો છે. પીએમ મોદીએ પોતાના ભાષણની શરુઆત કરતા કહ્યું કે- પૂજ્ય બાપૂ અને ભગત સિંહ જેવા શૂરવીરોના બલિદાનથી દેશ આઝાદ થયો. હું જે લોકોએ બલિદાન આપ્યા છે, તેમને પ્રણામ કરુ છું. અમે ૨૬ જાન્યુઆરી મનાવીએ તે ગણતંત્ર દિવસની ૭૫મી વર્ષગાંઠ હશે. આ વખતે પ્રાકૃતિક આપદાએ દેશના અનેક ભાગમાં કષ્ટ સહન કર્યા છે. હું આ તમામ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરુ છું. રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને આ તમામ સંકટમાંથી બહાર આવી ઝડપથી આગળ વધશે. પીએમ મોદીએ લાલ કિલ્લાની પ્રાચીરથી કહ્યું કે, ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાયવર્સિટીની આ ત્રિવેણી ભારતને આગળ વધારવામાં મદદ કરી રહી છે. આજે ૩૦ વર્ષથી ઓછી ઉંમરની જનસંખ્યા દુનિયામાં ક્યાંય છે, તો મારા દેશ ભારતમાં છે. જે દેશ માટે આટલી કોટી કોટી ભુજાઓ હોય, તો આપણે ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૯માં આધાર પર આપને મને ફરી એક વાર આશીર્વાદ આપ્યા.

● અનુસંધાન પાન-૭ પર

# ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટીની વધુ નજીક પહોંચ્યું


**ચંદ્રયાન-3નો ચંદ્રની ભ્રમણકક્ષાનો પાંચમો તબક્કો પૂર્ણ : ચંદ્રયાન-3નું જો બધું બરાબર રહ્યું તો લેન્ડર તેના સમય મુજબ ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરશે**

નવી દિલ્હી, તા.૧૬

દેશના મહત્વાકાંક્ષી ચંદ્રયાન-૩એ ગઈકાલે ચંદ્રની ભ્રમણકક્ષાનો પાંચમો અને અંતિમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. હવે ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટીની વધુ નજીક પહોંચી ગયું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ મિશનને લઈને ટ્વીટ કર્યું હતું. આજે ચંદ્રયાનની યાત્રામાં મહત્વપૂર્ણ પરંતુ નિર્ણાયક ફેરફારો થશે.

ઈસરોએ આજે ચોથી વખત ચંદ્રયાન-૩ ની ભ્રમણકક્ષા બદલી હતી. ઈસરોએ ચંદ્રયાન-૩ મિશનને લઈને ટ્વીટ કર્યું કે આજે સફળતાપૂર્વક એન્જિન ચાલુ કર્યા બાદ તેણે ચંદ્ર તરફ જતી ભ્રમણકક્ષા પૂર્ણ કરી લીધી છે. હવે તેનું અંતર ૧૫૩ કિમી ટ ૧૬૩ કિમી રહી ગયું છે. ઈસરોના જણાવ્યા

● અનુસંધાન પાન-૭ પર



# કોલ્હાપુરમાં ૩.૪ની તિવ્રતાનો ભૂકંપ

**નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ માહિતી આપી : ભૂકંપના વિસ્તારમાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી મળ્યા, ભૂકંપ ૫ કિમીની ઊંડાઈ પર આવ્યો હતો**


કોલ્હાપુર, તા.૧૬

મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા ૩.૪ની હતી. જેની જાણકારી નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) એ આપી છે. જોકે, હજું સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી મળ્યા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં આજે સવારે ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે, ભૂકંપના આ આંચકા ભારતીય માનક સમય પર ૦૬:૪૫ વાગ્યે અનુભવાયા હતા. આ ભૂકંપ ૫ કિમીની ઊંડાઈ પર આવ્યો હતો. જોકે હાલમાં કોઈ પણ જાનહાનિ કે, સંપત્તિના નુકશાનનો કોઈ અહેવાલ નથી. કોલ્હાપુર મુંબઈથી લગભગ ૩૭૫ કિમી દૂર પશ્ચિમી મહારાષ્ટ્રમાં સ્થિત છે.

# હિંદુ હોવાથી રામકથા સાંભળવા આવ્યો છું : બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક

**પીએમ ઋષિ સુનક મોરારિ બાપુની રામકથા સાંભળવા પહોંચ્યા : બ્રિટનના પીએમ ઋષિ સુનકે કહ્યું કે, તેમને બ્રિટિશ અને હિંદુ હોવા પર ગર્વ છે, તેમણે બાળપણમાં પોતાના પરિવાર સાથે મંદિર જવાની વાતને યાદ કરી**



નવી દિલ્હી, તા.૧૬

શું તમે ક્યારેય વિચાર્યું હતું કે કોઈ વિદેશી વડાપ્રધાન કોઈ હિંદુ કથાવાચકના મુખેથી કહેવાતી રામકથા સાંભળવા પહોંચશે? પરંતુ આવું થયું છે. બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક રામકથા સાંભળવા પહોંચ્યા હતા. આ રામકથા બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાઈ હતી અને કથાકાર હતા મોરારિ બાપુ. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મોરારિ બાપુની રામકથા બેઠી છે. જેમાં મંગળવારે એકાએક બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક પહોંચી ગયા હતા. ઋષિ સુનક કથામાં પહોંચ્યા પછી સામાન્ય વ્યક્તિની જેમ જ મોરારિ બાપુની સામે ખુરશીમાં બેઠા હતા. તેમણે કહ્યું કે, તેઓ વડાપ્રધાન તરીકે નહીં પરંતુ હિંદુ હોવાના લીધે કથા સાંભળવા આવ્યા છે. ઋષિ સુનકે વ્યાસપીઠ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પોતાના સંબોધનની શરૂઆત ઋષિ સુનકે જય સીયારામના નાદ સાથે કરી હતી. તેમણે કહ્યું, 'વડાપ્રધાન તરીકે કામ કરવું ઘણું મુશ્કેલ હોય છે. કેટલાય અઘરા નિર્ણયો લેવા પડે છે, મુશ્કેલ કામ પાર પાડવા પડે છે. એટલે જ મને આશીર્વાદ આપો. મોરારિ બાપુની કથામાં હાજરી આપવી મારા માટે સન્માન અને ખુશીની વાત છે.

# સતુલજ-વ્યાસ નદીના પૂરનાં પાણી કિનારાના સેંકડો ગામમાં ફરી વળ્યા

**ભાખરા અને પોંગ ડેમના ગેટ ખોલી દેવાયા : પંજાબમાં મૂશળધાર વરસાદને લીધે બંને જળશાયોમાં પાણીનો પ્રવાહ ચિંતાજનક રીતે વધી ગયો**

અમૃતસર, તા.૧૬

પંજાબમાં બુધવારે મહત્ત્વપૂર્ણ ભાખરા અને પોંગ ડેમના ગેટ ખોલી દેવાતા તોફાની બનેલી સતુલજ અને વ્યાસ નદીઓના કિનારે આવેલા સેંકડો ગામમાં પૂર આવી ગયું હતું. મૂશળધાર વરસાદને લીધે બંને જળશાયોમાં પાણીનો પ્રવાહ ચિંતાજનક રીતે વધી ગયો હતો. ગત ત્રણ દાયકામાં તેમના જળસંગ્રહ ક્ષેત્રો, ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ નોંધાયો હતો.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમ પૂરમાં ફસાયેલા લોકોને સુરક્ષિત કાઢવાનો પ્રયાસ કરી રહી છે. અધિકારીઓએ કહ્યું કે વરસાદ ધીમો પડવાથી બંને ડેમના પાણીના પ્રવાહમાં ઘટાડો નોંધાયો છે જે રાહતની વાત છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનની સિંચાઈની જરૂરિયાતને પૂરી કરવા માટે બંને ડેમમાં પાણીનું સ્તર ઘટાડવાના ઉદ્દેશ્યથી તેના ફલડ ગેટ ખોલી નખાયા છે.



ફલડ ગેટ ખોલવાને લીધે ખાસ કરીને પંજાબના રોપડ, આનંદપુર સાહિબ અને હોશિયારપુર, ફિરોજપુર જિલ્લા તથા હિમાચલના કાંગડા જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પંજાબમાં એક મહિનામાં બીજી વખત ગામમાં પૂર આવ્યું છે. તેનાથી ખેતરોમાં પાકને માઠી અસર થઈ છે.

બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં તો અનેક જિલ્લામાં આભ ફાટવા, ભૂસ્ખલન અને પૂર જેવી ઘટનાઓને લીધે ઘણાં લોકોના મૃત્યુ થયા છે. ત્યારે બચાવ અભિયાન પણ મોટાપાયે ચાલી રહ્યું છે.

# બજરંગદળ ઉપર પ્રતિબંધ નહીં લદાય : દિગ્વિજયસિંહ

**જે ગુંડા તત્વ છે અને જે રમખાણો કરાવે છે તેમને છોડવામાં નહીં આવે**

ભોપાલ, તા.૧૬

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પહેલા હિંદુત્વની ચર્ચાએ જોર પકડ્યું છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવા વિશે કહ્યું હતું કે, દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવાની જરૂર નથી કારણ કે અહીં માત્ર ૮૦ ટકા તો હિંદુઓ જ વસે છે. હવે કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે બજરંગ દળ અંગે એક નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે, જો રાજ્યમાં કોંગ્રેસની સરકાર બની તો બજરંગ દળ પર પ્રતિબંધ લગાવવામાં નહીં આવશે. તેમણે કહ્યું કે, બજરંગ દળમાં સારા લોકો પણ હોઈ શકે છે. પરંતુ જે ગુંડા તત્વ છે અને જે રમખાણો કરાવે છે તેમને છોડવામાં નહીં આવશે. કોંગ્રેસી નેતાએ આ વાત પત્રકારો સાથે ચર્ચા દરમિયાન કહી હતી.

દિગ્વિજય સિંહે જણાવ્યું કે, હિન્દુત્વ શબ્દને સાવરકરે જ હિન્દુત્વ શબ્દ બનાવ્યો હતો. કોઈ પણ પ્રકારનું સોફ્ટ કે હાર્ડ હિન્દુત્વ નથી હોતું.તેમનું સનાતન ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે એમ પણ કહ્યું કે, સંવિધાનની શપથ ગ્રહણ કરીને જે લોકો હિન્દુત્વની વાત કરે છે તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

દિગ્વિજય સિંહે હિન્દુ રાષ્ટ્ર પર કમલનાથના નિવેદનનો પણ બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે, તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. કમલનાથે કહ્યું હતું કે, દેશમાં ૮૦% હિન્દુ છે તો આવી સ્થિતિમાં તો તે હિન્દુ રાષ્ટ્ર જ છે.

આ મુદ્દે દિગ્વિજય સિંહે કહ્યું કે, શું હિન્દુઓની સંખ્યા ગણાવવી ખોટું છે? દિગ્વિજયે એ પણ કહ્યું કે, કેટલાક લોકો મારા અને કમલનાથજી વચ્ચે વિવાદ ઉભો કરાવવા માંગે છે.

# દેશના શહેરોમાં ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રુપિયાની મંજૂરી

**કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અનેક મોટા નિર્ણય લેવાયા : ઈ-બસ સેવાની યોજના જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા ચલાવવામાં આવશે**

નવી દિલ્હી, તા.૧૬

આજે મોદી કેબિનેટની બેઠક મળી હતી જેમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં શહેરો ઈ-બસ ચલાવવા અને અને વિશ્વકર્મા યોજના અંગે નિર્ણય લેવાયો હતો. શહેરોમાં ઈ-બસ ચલાવવા માટે કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. દેશના શહેરોમાં ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

આ ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રૂપિયામાંથી કેન્દ્ર સરકાર ૨૦ હજાર કરોડ રૂપિયા આપશે જ્યારે બાકીની રકમ રાજ્ય સરકાર આપશે. ઈ-બસ સેવાની યોજના જાહેર ખાનગી ભાગીદારી દ્વારા ચલાવવામાં આવશે. આ સાથે ઈ-બસ સેવા માટે ૭ હજાર કરોડ રૂપિયાની લોન લેવામાં આવશે.

ઈ-બસ સેવા ઉપરાંત વિશ્વકર્મા યોજનાને પણ કેબિનેટમાં મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાને ૧૫મી ઓગસ્ટે વિશ્વકર્મા યોજનાની જાહેરાત કરી હતી. સોની, સુથાર, કડિયા, વાળંદ અને સાધનો અને હાથ વડે કામ કરનારાઓ માટે આ એક યોજના છે. વડાપ્રધાને જાહેરાત કરી હતી કે વિશ્વકર્મા જયંતિ પર વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી વિશ્વકર્મા યોજના વિશે જાહેરાત કરી હતી કે તેનું બજેટ ૧૩ થી ૧૫ હજાર કરોડ રૂપિયા હશે. આ યોજના દ્વારા સરકાર પરંપરાગત કૌશલ્ય એટલે કે હાથ વડે કામ કરતાં કારીગરોને મદદ કરશે. આ કારીગરોમાં સોની, લુહાર, વાળંદ અને ચામડાનું કામ કરતાં લોકોને સીધો ફાયદો થશે. આ યોજનાનો હેતુ એવા લોકોને લાભ પહોંચાડવાનો છે, જેઓ હાથ વડે કુશળ કામ કરે છે અને પેઢીઓથી આ કામ કરી રહ્યા છે.

**બંગલો વેચવાનો છે**

ગાંધીનગરના સૌથી પ્રાઈમ લોકેશન પર ફર્નિચર સાથે 212 વાર પ્લોટ એરીયા, 240 વાર બાંધકામ, ગાર્ડનની સામે, રાયસણ, PDPU રોડ, મેટ્રો સ્ટેશનથી નજીક, ગાંધીનગર

**76000 00722**

**ભાવાંજલી**

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. શ્રી નરેન્દ્રસિંગ છાબડા**

(સ્થાપક : એસોસીએશન ફોર સોશ્યલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટ)

સ્વ. તા. ૧૬-૦૮-૨૦૧૯ ને શુક્રવાર

સંઘર્ષ તમે કર્યો, પુણ્ય અમને મળ્યું,
કર્મ તમે કર્યું, ફળ અમને મળ્યું,
આપવું એ જ તમારા જીવનનો મહામંત્ર હતો,
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અને મોક્ષ અર્પે...

આપનાં સદૈવ આભારી
શ્રીમતી પરમજીત કૌર છાબડા તથા
સમસ્ત પરિવાર